અપીલ અરજી નં.૨૦૭ તા.૫–૧૦–૦૯/૧૦

અરજદાર:– શ્રી હરિશચંદ્ર જે. નાણાવટી

સામાવાળા:–એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન

***ફરીયાદની હકીકત:–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરિશચંદ્ર જે. નાણાવટી ની તા.૨૭–૮–૦૯ ની અરજીથી (૧)નવો વિસ્તાર મહાનગરપાલિકામાં સમાવેશ થયો ત્યારે સાઉથ ઈસ્ટ ઝોન(લીંબાયત) ખાતે એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસર તરીકે કયા અધિકારી ફરજ બજાવતા હતા, આ અધિકારી લીંબાયત ઝોનમાં કઈ તારીખથી કઈ તારીખ સુધી એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસર તરીકે ફરજ બજાવેલ હતી? (૨)તેમજ નવા સમાવિષ્ટ વિસ્તાર વોર્ડ નં.૬૫ એ–બી–સી–ડી (૩)૬૬ એ–બી–સી–ડી (૪) ૭૨ એ–જી (૫) ૭૩ એ–બી–સી–ડી –ઈ–એફ ની મિલ્કતો કયારે દાખલ કરી? કેટલા તુમારો બનાવવામાં આવ્યા? તે તુમારોમાં સર્વેયર,સુપરવાઈઝર, સેકશન ઓફિસર અને એ.આર.ઓ. એ કઈ કઈ તારીખે સહી કરી? વિ. માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૫–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૦૭/૨૦૦૯–૧૦

શ્રી હરિશચંદ્ર જે. નાણાવટી ની તા.૨૭–૮–૦૯ ની અરજીથી (૧) નવો વિસ્તાર મહાનગરપાલિકામાં સમાવેશ થયો ત્યારે સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત) ખાતે એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસર તરીકે કયા અધિકારી ફરજ બજાવતા હતા? આ અધિકારી લીંબાયત ઝોનમાં કઈ તારીખથી કઈ તારીખ સુધી એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસર તરીકે ફરજ બજાવેલ હતી? (૨) તેમજ નવા સમાવિષ્ટ વિસ્તાર વોર્ડ નં .૬૫ એ–બી–સી–ડી (૩)૬૬ એ–બી–સી–ડી (૪) ૭૨ એ–જી (૫) ૭૩ એ–બી–સી–ડી–ઈ–એફ ની મિલ્કતો કયારે દાખલ કરી? કેટલા તુમારો બનાવવામાં આવ્યા? તે તુમારોમાં સર્વેયર,સુપરવાઈઝર, સેકશન ઓફિસર અને એ.આર.ઓ. એ કઈ કઈ તારીખે સહી કરી? વિ. માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૬૧ તા.૧૩–૧૦–૦૯ થી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા અરજદારને અપીલ અરજીમાં કઈ કઈ માહિતી મળી નથી તે અંગે જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી તેમજ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સા.ઈ.ઝોન/મહેકમ/૨૬૫૧ તા.૨૮–૧૦–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદરની મુળ અરજી, નોંધ વિભાગ, અરજી તબદીલની નકલ તથા અરજદારને આપેલ માહિતના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૫૬૨ તા.૧૬–૧૦–૦૯ ના પત્રની નકલ તથા પોસ્ટ કર્યા અંગે યુપીસીની વિગતની નકલ પૂરી પાડેલ છે.

અરજદારની તા.૨૭–૮–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયમાં જણાવ્યા મુજબની વિગતે માહિતી માંગતી અરજી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને કરવામાં આવેલ. જે લીંબાયતઝોન તરફથી આરટીઆઈ /આ.નં.૨૦૧૭ તા.૫–૯–૦૯ થી ડે.કમિશનર(પઅનેઈ) ને મુદ્દા નં.૧ માટે તબદીલ કરવામાં આવેલ. જે અંગે મુદ્દા નં.૧ ની માહિતી નં.જીએડી/ઈએસટી/૧૮૧૪ તા.૧૪–૯–૦૯ થી અરજદારને પૂરી પાડવામાં આવેલ.જે અનુસાર એન ડી. સોલંકી પર્સોનલ ઓફિસર આરોગ્યએ તા.૧–૫–૦૪ થી ૨–૩–૦૫ સુધી એ.આર.ઓ. તરીકે ફરજ બજવવાની માહિતી પૂરી પાડેલ. જયારે મુદ્દા નં.૨ થી ૫ લીંબાયતઝોનની આકારણી વિભાગને લગતી માહિતી સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ નથી. તેથી માહિતી પૂરી પાડવા અરજદારે અપીલ કરેલ છે. જે અંગે એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/૨૫૬૨ તા.૧૬–૧૦–૦૯ થી મુદ્દા નં.૨ થી ૫ ની માહિતી અરજદારને આપવામાં આવેલ છે. જેમાં અરજદારે માંગેલ માહિતી બાબતે મુદ્દા નં.૨ થી ૪ અંગે કુલ તુમારો પૈકી સર્વેયર વોર્ડ ઈન્સ્પેકટર, સુપરવાઈઝર કે સેકશન ઓફિસર ધ્વારા કરવામાં આવેલ સહીની સંખ્યા અને સમયગાળો દર્શાવતી વિગતોની માહિતી આપેલ છે. જયારે એ.આર.ઓ.ની સહી બાબતે " સહી તમામ તુમાર/ફાઈલ પર નથી" તેવી માહિતી આપેલ છે. જે નિયત સમય અવધિ બાદની છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી તેથી અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

ડે.***કમિશનર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હરિશચંદ્ર જે. નાણાવટી